શ્રી.

સ્તવન મધુર ગાયન સંગ્રહ

પ્રથમ ભાગ.

કીંમત. ૦-૨-૦

શ્રી પાર્શ્વજીન પ્રણમ્ય.

શ્રી શાંન્તીજીન મધુર

ગાયન સંગ્રહ.

પ્રથમ ભાગ.

રચી પ્રસિદ્ધ કરનાર,
મોહનલાલ ગુલાબચંદ વ્હોરા.
મુ. ઝીંઝુવાડા (વાયા) ખારાઘોડા.

પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૪. સને ૧૯૦૮.

કીંમત ફક્ત ૦-૨-૦.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ
છાપી પ્રસિદ્ધ કર્યો. ઠે. રીચીરોડ ફતાસાની પોળ.
મુ. અમદાવાદ.

અર્પણ પત્રિકા.

સદા માનવંતા સદ્‌ગુણાલંકૃત

શ્રીયુત મહાશય,

જેઠાલાલ ડાહ્યાભાઈ શાહની

પવિત્ર સેવામાં.

મુ. કવેટા.—(બલુચીસ્તાન.)

ચાલતા સમયમાં આપ સાહેબ જૈનધર્મનું હીત વધારવાના કાર્યમાં તેમજ કેળવણીને ઉત્તેજન આપવામાં અને પોતાની સજ્જાતિનું હમેશાં શુભ ચાહવામાં આપનું અંતઃકરણ સદા પ્રફુલીત જણાય છે અને આવા દરેક શુભ કાર્યમાં બની શકે તેટલી મદદ આપવાને તથા હીંમતરૂપી હથીઆર સજ્જ કરી દૂર દેશાવરમાં કીર્ત્તી મેળવી પોતાના ધર્મની જે જયધ્વજા ફરકાવા ઉમેદ ધરાવો છો જેથી કરી આવા ઉત્તમ ગુણોને લીધે આપનું પવિત્ર નામ સદા અમર રાખવા માટે આ લઘુ પુસ્તક આપનેજ અર્પણ કરૂંછું તો તે સ્વીકારશોજી. એજ વિનતી.

સંવત ૧૯૬૪
અસાડ શુદી ૧૫

લી. સેવક.

મોહનલાલ ગુલાબચંદ વ્હોરા.

મુ. ઝીંઝુવાડા ખારાઘોડા થઇને.

પ્રસ્તાવના.

જે સમયે સર્વે પ્રકારના શંશયછેદક, કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારક શ્રી ત્રીભુવન દિપક તીર્થંકર મહારાજા સાક્ષાત્ વિચરતા હતા તે સમયની વાત હું વર્ણવી શકું તેમ નથી તોપણ અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના વિરહ પછી પણ જૈનધર્મમાં થઈ ગએલા ધુરંધર આચાર્યોએ પોતાના જ્ઞાનબળથી ચોતરફ જૈનધર્મની જયધ્વજા ફરકાવી હતી અને તેઓના પ્રતાપથીજ અત્યારે ધર્મમાં થોડે કે ઘણે અંશે દ્રઢ શ્રદ્ધાવાળા રહી ધર્મની શીતળ છાંયા તળે જૈનભાઇઓ કલ્લોલ કરતા આપણે જોઇએ છીએ.

એ વાત તો જગપ્રસિદ્ધ છે કે, ધર્મનું જે રહસ્ય તે કોઇકજ વિરલા જાણી શકે છે. કારણ કે એ વાત જે ભુલી જઇ આ કળીયુગના હડહડતા વખતમાં ધાર્મીક કેળવણી ઘણા થોડા પરિશ્રમથી મેળવતા આવ્યા છે, પણ ખુશી થવાનું એ છે કે આજકાલ દરેક સ્થળે જૈન પાઠશાળાઓ અને ધર્મગુરૂઓનો પ્રચાર વધવાથી હવે ભવિષ્યની ઉમદા આશાઓ રાખીએ તો ખોટું નહિ ગણાય.

વળી શ્રેષ્ટ મનુષ્યો જેવા આચરણથી વર્તે છે તે પ્રમાણે ઇતર જનો પણ વર્તે છે. દાખલા તરીકે નાની વયના બાળક ઉપર પણ માતપિતા અને ઘરમાં રહેતા વડીલોનો આચાર તેમજ પોતાની જન્મભુમીમાં જે રીતભાત કે વસ્તુઓનું અવલોકન થાય છે તે તુરત ગ્રહણ કરી શકેછે,

પણ સારઅસાર જોતા નથી; જે કારણથી મેં મારી અલ્પબુદ્ધીના ઇ-સારાવડે સજાતિ ઉછળતી વયના બાળકોને ધર્મની સાથે રમતગમત મળે એવા વિચારે આ પુસ્તક બહાર પાડવા નકી કર્યું છે. કારણ કે અન્ય ધર્મના ગાયનો ગાઇ અવળે રસ્તે દોરાઇ જઇ આ મહા ભયંકર સંસારાબ્ધીમાં લુબ્ધ બની જાય છે તથા પોતાનો અમુલ્ય જે મનુષ્યાદેહ તે હારી જાય છે તેવા ખોટા રસ્તે જતાં અટકાવવા અને ધર્મના ઉ-મદા રસ્તે પ્રયાણ કરવાના હેતુથી આ પુસ્તકને એક વિદ્વાન નરરત્નના હાથથી તપાસ્યા બાદ બ્હાર પાડવા હિંમત ધરી છે, છતાં જો કાંઇ ભુલચૂક જણાય તો સુધારીને વાંચવા વિનંતી છે.

આ પુસ્તકને અંગે મને અહીંના જૈન પાઠશાળાનાના માસ્તર મી. સુખલાલ રવજીભાઇએ બંને આંખે અખમ છતાં જે મદદ આપી છે તે ખાતે તેમનો હું અંતઃકરણથી ઉપકાર માનુંછું એજ વિનંતી.

અસાડ શુદી ૧૫
સંવત ૧૯૬૪

લી. કર્ત્તા.
મોહનલાલ ગુલાબચંદ વ્હોરા.
મુ. ઝીંઝુવાડા—ખારાઘોડા થઇને.

સ્તુતિ.

શ્રી શાંન્તિ જીનરાજ આજ પ્રણમું, કલ્યાણકારી સદા,
આધિ વ્યાધી ઉપાધિ વારક વિભુ, સેવે મળે સંપદા;
સ્વામી શ્રાધ સમાજ આજ શરણે, આવી હરો આપદા,
જૈનોને સુપસાય થાય જીનજી, જેથી સુખી સર્વદા.

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગીરી;
વિતરાગ સમો દેવો, ન ભુતો ન ભવિષ્યતે.

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાસનં;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનમ.

જય જય જગત્રાત્રા, શાંન્તીજીન શાંન્તી દાતા;
તુંહી જગ પિતુ માતા, વિશ્વપતી તું વિધાતા.
અમર નિકર ગાતા, ગુણ મુદ ઉર પાતા;
સુખકર સુખદાતા, તાર તું તનુજ ત્રાતા.

શ્રી શાંન્તીજીન મધુર ગાયન સંગ્રહ.

પ્રથમ ભાગ.

ચૈત્યવંદન પ્રારંભ.

ઇચ્છાકારેણ સંદીસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ઇચ્છં,
સકળકુશળવલ્લી, પુષ્કરાવર્તમેઘો;
દુરિતતિમિરભાનું, કલ્પવૃક્ષોપમાનં.
ભવજળનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ
સભવતુસતતાંવ, શ્રેયસેં શાંતિનાથ; શ્રેયસે પાર્શ્વનાથ.

બાર ગુણ અરિહંતદેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.
આચારજ ગુણ છત્રીસ, પચવીસ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય.
અષ્ટોતર સય ગુણ મળી, એમ સમરો નવકાર;
ધિરવિમળ પંડિતતણો, નય પ્રણમે નિત્ય સાર.

જંકિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ.
જાઇં જીણ બિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ.

નમુથ્થુણં, અરિહંતાણં, ભગવંતાણં, આઇગરાણં તિથ્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહથ્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં, ધમ્મદેસિઆણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહિણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, અપ્પડિહયવરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, જીણાણં જાવયાણં, તિન્નાણંતારયાણં, બુદ્ધાણંબોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નુણંસવ્વદરિસીણં, સિવ, મયલ, મરૂઅ, મણંત, મખ્ખય, મવ્વાબાહમપુણરાવિત્તિ, સિદ્ધિગઇનામધેયં, ઠાણંસંપત્તાણં, નમોજીણાણં, જીઅભયાણં, જેઅઇઆસિદ્ધા, જેઅભવિસ્સંતિણા, ગએકાલે સંપઇઅવટ્ટમાણા સવ્વેતિવિહેણ વંદામિ.

જાવંતિ ચેઇઆઇં, ઉદ્ધેઅ અહેઅ તિરિય લોએઅ;
સવ્વાઇં તાઇ વંદે, ઇહસંતો તથ્થ સંતાઇં.

જાવંત કેવી સાહૂ, ભરહેરવય મહાવિદેહેઅ, સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં.

નમ્મોર્હડત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય. [ત્યારબાદ સ્તવન કહેવું. પછી ઉંચા હાથ રાખીને]

જયવીઅરાય જગગુરૂ, હોઉ મમ તુહ પભ્ભાવઓ

ભયવં, ભવ નિવ્વેઓ મગ્ગાણુસારીયા ઇઠ્ઠ ફલ સિદ્ધી લોગ વિરૂદ્ધ ચ્ચાઓ ગુરૂજણ પૂઆ, પરથ્થ કરણંચ, સુહ ગુરૂ જોગો તવ્વયણ સેવણા આભવ મખંડા, વારિજ્જઇ જઇવિ નિઆણ બંધણં વિયરાઅ તુહ સમયે તહવિ મમ-હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં, દુખ્ખખ્ખઓ કમ્મ-ખ્ખઓ સમાહિ મરણંચ બોહિલાભોય, સંપજ્જઓ મહ-એવં તુહનાહ પણામ કરણેણં. સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્; પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. (પછી ઉભા થઇને કહેવું.)

અરિહંતચેઈઆણં, કરેમિકાઉસ્સગ્ગ, વંદણવત્તિઆએ, પુઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહીલાભવત્તિઆએ, નિરૂવસંગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મે-હાએ, ધીઇએ, ધારણાએ, અણુપ્પેહાએ વઠ્ઠમાણીએ ઠામિ કાઉસગ્ગં. (પછી)

અન્નત્થ ઉસસીએણં નિસસિએણં ખાસિએણં છી-એણં જંભાઇએણં ઉડુએણં વાયનીસગ્ગેણં ભમલીએપિ ત્તમુચ્છાએ સુહુમેહિં અંગસંચાલેહિં સુહુમેહિં ખેલસંચા લેહિં સુહુમેહિં દિઠ્ઠિસચલેહિં એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઊસગ્ગો, જાવઅરીહંતાણં ભગવંતાણં નમુક્કારેણં નપારેમિ તાવકાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(કહીને એક નવકારનો કાઉસગ્ગ કરી પારિને ની એ પ્રમાણે થોય બોલવી.)

આદિ જીન રાયા, જાસ સોવન્ કાયા;
મારૂદેવિ માયા, ધોરીલંછન પાયા.
જગતસ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવળ સિરિરાયા, મોક્ષ નગરે સિધાયા.

શ્રી સત્યમેવ જયતે.

શ્રી શાન્તિજીન મધુર ગાયન સંગ્રહ.

પ્રથમ ભાગ.

(સ્તુતિ. રાગ કલ્યાણ.)

૧

શ્રી જીનેશ્વરૂ, પ્રભુ વંદના કરૂં;
ચોવીસ જીનને નમન કરી, સ્તુતિ આદરૂં, શ્રી.
નાભિનંદન રિષભ પે'લા, બીજા અજીતનાથ;
ત્રીજા સંભવ જીનને વંદુ, યુગલ જોડી હાથ. શ્રી.
અભિનંદન પ્રભુ ચોથા કહીએ, સુમતિ પદમદેવ;
સુપાર્શ્વ ચંદ્ર સુવિધીની, નિત્ય નિત્ય કરીએ સેવ. શ્રી.
શિતળ શ્રેયાંશ વાસુપુજ્ય, વિમળ ને અનંત;
ધર્મ શાન્તી કુંથુ અર મલ્લી, મુનીસુવ્રત ભગવંત. શ્રી.
નમી નેમ ને પાર્શ્વનાથજી, ચોવીસમા મહાવીર;
કર્મ ખપાવી કેવળ લીધું, પામ્યા ભવજળતીર. શ્રી.
ભાવથી ભક્તિ કરો જીનવરની, સાચા શીવપુરવાસ;
બાળમંડળ કરજોડી બોલે, પુરો મારી આશ. શ્રી.

૨

મારારે સ્વામી બોલોને વ્હાલા—એ રાગ.

વંદુ સદા શિરનામી પ્યારા,
રીખવદેવ સ્વામી સુણો મારા. વંદુ સદા.

નાભિનંદ તુમે છો રાયા, કંચનવરણી શોભે તુજ કાયા;
માતા મારૂદેવીના જાયા. વંદુ સદા,
વસ્યા આપ વિમળગીરી માંહે, ખ્યાતિ ચાલી પ્રભુજીતણી ત્યાંહે;
દરશન કરતાં પાતીક સહુ જાએ. વંદુ સદા.
દોહગ દુઃખના મેં ભર્યા ભારો, આવ્યો નહિ મુક્તિપુરી વારો;
દુખડાં હે નાથ તમે નિવારો. વંદુ સદા.
અરજી આ અનુચરની ઉર ધરજો, કૃપાળુ કૃપાદ્રષ્ટી કરજો;
આપોને આશીશ મુક્તિ વરજો, વંદુ સદા.

૩

કાનુડો ન જાણે મારી પ્રીત—એ રાગ.

અજીતશું લાગી મુને પ્રીત,
પ્રભુ હું બાળ તમારોરે. અજીતશું,
અયોધ્યા નગરીને આપે, ઓપતિ કીધીરે (૨)
યશરૂપી ફરૂકે ધજા સાર, ફરૂકે ફરરરરરરે. અજીતશું.
માતા વિજયાની કુખે, જનમ્યા હો જીનજીરે (૨)
નિર્મળ શોભાવ્યું રૂડું ધામ, શોભે સરરરરરરે. અજીતશું,
અંતરજામી પ્રભુ, મોક્ષ સુખ આપોરે (૨)
કાપો મુજ પાપો દીનદયાળ, કાપો કરરરરરરે. અજીતશું.
કરૂણાદ્રષ્ટીથી જુઓ, આપ નિહાળીરે (૨)
કરજોડી કહું કીરતાર, તારો તરરરરરરે. અજીતશું.

૩

વીમળા નવ કરશો ઉચાટ—એ રાગ.

સંભવજીન ખરો આશરો તારો, પાર ઉતારજોરે;

સેનામાતા સુત જાયા પ્રભુ, વિનતી ધરજો ઉરમાં વિભુ;
ગરીબ દાસના જાણી પાપ દહાવશોરે. સંભવ.
દીન દલીલ આ ઉરમાં ધરજો, તર્તા ભવસાગરથી કરજો;
દુખી બાળને નાથ તમે બચાવશોરે. સંભવ.
સંભવનાથ છો સુખના કરતા, સેવકના દુખ સહેજે હરતા;
લક્ષચોરાશી ફેરાથી ઉગારજોરે. સંભવ.
ભવ દુઃખભંજન નાથ નિરંજન, દરીશન તારા છે મનરંજન;
દયાવાન અમૃતદ્રષ્ટિ વરતાવજોરે. સંભવ.
બાળમંડળ સહુ સેવક સંગે, શીવપુર માગે છે મનરંગે;
દયા ધારી દીલમાંહે નાથ નિભાવશોરે. સંભવ.

૪

વારે ધા વીઠલા વેલો ધોજારો રાય છે ઘેલો—એ રાગ.

મુરતિ મોહનગારી, લાગે મુજને પ્યારીરે;
અભીનંદન તારી.
વિનીતાપુરીના રાજવી છોજી, રાણી સીધારથ માત;
સંવર નૃપતિ નંદન શોભે, કપીલંછન વિખ્યાત.
સુંદિર છબી તારી, લાગે મુજને પ્યારીરે. અભી.
માથે મુગટ મોતીતણો છે, કર્ણ કુંડળ ઉર હાર;
વિવિધ રત્નજડીત ભુષણ, જોતાં હર્ષ અપાર.
એવી શોભા તમારી, લાગે મુજને પ્યારીરે. અભી.
અષ્ટ કર્મનો ક્ષય કર્યો વળી, ટાળ્યા દોષ અઢાર;
બાર ગુણે બિરાજે અરિહંત, વંદુ હું વારંવાર.
નિત્યે પ્રેમ વધારી, લાગે મુજને પ્યારીરે. અભી.

દેવાલંબન લેતાં તારૂં, ગુણુ આવે નીજ અંગ;
ક્ષમાવંતા સુખ આપીને, કરો કુમતિનો ભંગ.
મહેર કરી મોરારી, લાગે મુજને પ્યારીરે. અભી.

કરજોડી બાળમંડળ બોલે, ક્રોધાધિક કરો દૂર;
અરજી અનુચરની ઉર ધરીને, કર્મો કરો ચકચૂર,
મેળાવો શિવ નારી, લાગે મુજને પ્યારીરે. અભી.

૫

સીતાજીના મહીનાનો રાગ.

વિનતી સાંભળો સુમતીનાથ, આ એક સેવકતણી;
રખડી ભવઅટવી મોઝાર, આવ્યો હવે તુજ ભણી.
વિષય કષાયાદિકમાં રાચ્યો, પુરણ હું તો પાપી;
અવળો થઇને તારી આણ, હે નાથ મેં ઉથાપી.
કરૂણાનીધી કરૂણાવંત, સેવકને તારજો;
આવાગમનના જે દુઃખ, નાથ નિવારજો.

રાચ્યો રમણી સંગે સાથ, બગડી મારી મતિ;
અર્જ સુણીને સુમતિદેવ, કાપોને કુમતિ.
સમદ્રષ્ટી છે આપની નાથ, બધાની ઉપરે;
તુજ ભક્તિ કરે જે જન, તેતો નિશ્ચય તરે.
આશ કરી આવ્યો તુજ શરણે, જો તારો નહિ પ્રભુ;
તો કેમ કરી રહેશે લાજ, કૃપાળુ હે વિભુ.
કરો માફી મારો વાંક, દયા દીલ લાવીને;
અનુચરને અર્પો મોક્ષ, માર્ગ બતાવીને.

કરજોડી કહે જૈનબાળ; આશા પુરજો મારી;
નેહ કરી નિહાળો દેવ, દયા તો દીસે ધારી.

૬

ક્યાંથી આ સંભળાય મધુર સ્વર—એ રાગ.

નેહ નજર કરો નાથ, દયાળુ પ્રભુ, નેહ નજર કરો નાથ;
લળી લળી જોડું હાથ, દયાળુ પ્રભુ. નેહ.
પદમ પ્રભુ સુસીલાના જાયા, છોડું ન હવે સાથ. દયાળુ.
મન હરનારી મુરતિ તારી, દીસે બહુ રળિઆત. દયાળુ.
કૌશંબા નગરીના રાયા જીનજી, પુરો મારી આશ. દયાળુ.
ધનુષ્ય અઢીસેં કાયા ધારી, પદમ લંછન વિખ્યાત. દયાળુ.
દુરગતિ પ્યારા દુર કરીને, તારોને જાણી આ દાસ દયાળુ.
નિત્યે તમારી સેવા કરતાં, થાએ દુરીતનો નાશ. દયાળુ.
લધુબાળની વિનતી ધારી, ગ્રહોને પ્રેમે હાથ. દયાળુ.

૭

શીદ કલ્પાવો સતાવો હું છું રંક જીઓ—એ રાગ.

મન હરનારો સુખ કરનારો, વ્હાલો સુપાર્શ્વ દીસે જીનમંદીરની માંય;
વણારસી નગરીના જીનજી, સુવર્ણ શોભે કાય.
સુપ્રતીષ્ટના પુત્ર છો વળી, પૃથ્વીમાતા કહેવાય. મન.
બસેં ધનુષ્યની કાયા ધારી, લીધો મોક્ષપુરી વાસ;
અનુપમ રચના શું ક તારી, પુરજો મારી આશ. મન.
અષ્ટ કર્મનો ક્ષય કરીને, વજાવ્યો મંગળ જેહ;
જયજીન ચંદા શીવસુખ વૃંદા, કીધો કર્મોનો છેહ. મન.

બાળમંડળ પ્રભુ અરજ કરે છે, જય જય શ્રી જીનરાય;
ધન્ય ધન્ય પ્રભુજી ભવભય ભંજન, નિત્ય નિત્ય આનંદ થાયરે. મન.

૮

જળ ભરવા હું ગઇતીરે સાહેલીની સંગે—એ રાગ.

ચંદ્રપ્રભુ સ્વામીરે, વિનતી કરૂં શિર નામી;
અષ્ટકર્મને કાપીરે, દિપાવ્યો જૈનધર્મ સ્વામી. ચંદ્ર.
સાખી. ચંદ્રપુરીના રાજવી, ધનુષ્ય દોઢસેં કાય,
ચંદ્રલંછન શોભતું, લક્ષ્મણા તુજ માય;
તારો નાથ નગીનારે, હે મોક્ષના ગામી. ચંદ્ર.
સાખી. સુવર્ણમય છે શોભતું, તારૂં નિર્મળ નામ,
વ્હાલા અર્પો વિચારીને, મુક્તીપુરી સુખધામ;
ભમ્યો ભવ અટવીમાંરે, તારો તમે ગુણગામી. ચંદ્ર.
સાખી. દુષ્ટ ચોર કેડે પડયા, ક્રોધાદીક જે ચાર,
તે નિવારો નાથજી, કરગરી કહું કીરતાર;
બાળમંડળ વિનવેરે, રાખે નહિ કાંઈ ખામી. ચંદ્ર.

૯

નમું અંબીકા માત સાથ સાહેલીરે—એ રાગ.

નમું સુવિધીનાથ, દીન દયાળુરે;
પ્રીતે જોડું હું હાથ, પરમ કૃપાળુરે.
વળી આંગી રચાવું ઉછરંગ, હરખે સારીરે;
સારો સેવકના કાજ, દયા દીલે ધારીરે.
સાખી. નિત્યે નિત્યે દરશન આપજો, કૃપા કરીને નાથ;
આનંદ વાધે અંગમાં, સેવકને લ્યો સાથ.

દુઃખ ભાગેરે હાંહાંરે ભાગ્ય જાગેરે હાંહાંરે
ગુણ ગાઉ રાગેરે હાંહાંરે મુક્તિ માગેરે હાંહાંરે
પિતા સુગ્રીવ રાજા છે તાત, તારક તુંહી સાચોરે;
હેતે સાંભળો સુંદર વાત, આનંદ દીલ રાચોરે.
મનુષ્યભવમાંહે ભમ્યો જગનાથ, કહું શિરનામીરે;
જૈનબાળ કહે સૌ સાચ, તારો ગુણ ધામીરે. નમું.

૧૦

ઉગ્યો સખી સૃષ્ટીનો શણગાર હાર—એ રાગ.

નિત્ય નમો શિતળ પ્રભુને નર નાર
ચાલો સહુ સંગે પ્રીતથા;
કરીએ વંદન આણી સુભભાવ,
પ્રભુજીને ચોખા ચિતથી. નિત્ય નમો.

સાખી. ભદીલપુરના રાજવી, લક્ષ પુરવનું આય;
શીવલંછન છે શોભતું, જાણું નંદા માય.

ધરોને સહુ પ્રીતે પ્રભુનું ધ્યાન, દુખડાં સહુ હરેરે;
જે જન લીએ આલંબન તે, શીવરમણી વરેરે,
ન માગુ વીત વાલા પ્રભુજી તારી પાસ;
શીવસુખ વીના નથી બીજી આશ. ધરોને.

સાખી. ટાળ્યો રોગ પીતાતણો, વળી તાર્યા નરને નાર;
એવા શ્રી જીનરાયને, નમીએ વારંવાર.

છોગાળા પ્રીતમ છો પ્રાણ, નહિ ઉથાપું તારી આણ;
બાળમંડળ કરે ગુણગાન, ઉગ્યો આજે સુવર્ણ ભાણ.

સાખી. ફેરા ભવના ટાળવા, અર્જ કરૂં જગદીશ;

સેવક માગે એટલું, હેતે નમાવી શીશ.
નિત્ય નમો શીતળ પ્રભુને નરનાર—

૧૧

પહેરી ચોળી, લટકો મટકો કરતાં આવ્યા—એ રાગ.

સ્વામી મારા (૨) શું શોભેછે કામણગારા,
લાગે પ્યારા (૨) પ્રભુજી મન હરનારા;
શ્રેયાંશજી તો તારે, દીલમાંહે દયા તો ધારે;
મુક્તીપુરી રહેનારા. સ્વામી મારા.
માનોને ભવભય ભંજન,
મુખડું શોભે મનરંજન;
તારો તારોજી તારો તારો,
પ્રભુ એવા દીસોછો શ્રી જીનરાયા. સ્વામી મારા.

૧૨

વ્હાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે—એ રાગ.

વાસુપુજ્ય સ્વામીરે, કહુંછું શિરનામીરે;
સેવકને તારજો હોજી.
ગ્રહો હાથ જાણી પોતાનો બાળ (૨) વાસુપુજ્ય.
સાખી. ચંપાનયરીના રાજવી, જયા મા તુજ માય;
જન્મમરણ દુખ ટાળવા, લીધો સંજમ તાંય.
મોક્ષનગરના ગામીરે— સેવકને તારજો હોજી. વાસુ.
સાખી. ડુબતાને તારો તમે, હેતે ઝાલી હાથ;
ભવઅટવી ભમીઓ બધે, થાકયો દીનાનાથ.
દયાળુ તું દામીરે—સેવકને તારજો હોજી. વાસુ.
સાખી. બાળમંડળ વિનવે, ઝીંઝાપુર મોઝાર;
અર્જ સુણી મોહનતણી, ભવસાયરથી તાર.

દુખડાં તો વામીરે—સેવકને તારજો હોજી. વાસુ.

૧૩

સોનનું સ્વરૂપ સુણી ઉર અકળાએરે—એ રાગ.

વંદુ હું વિમળજીન, જેથી સુખ થાએરે;
જેથી સુખ થાએ, દુખ દુરે નાશી જાએરે. વંદુ.
સાઠ લાખનું આયુષ ધારી, સેવકજનને તારેરે;
સુવર્ણ સુંદિર કાયા દીસે, ખામી નહી લગારેરે. વંદુ.
સુતવર્મે પિતા અને શ્યામા છે તુજ માયરે;
સુઅર લંછન શોભે સારૂ, જોતાં પાતીક જાએરે. વંદુ.
કરજોડી કહે લઘુબાળ આ, ઝીંઝાપુરની માંહેરે;
સેવકજનની આશા પુરજો, જૈનમંડળ ગુણ ગાએરે. વંદુ.

૧૪

ઓ વિપરીત બુદ્ધોની નારી--એ રાગ.

ઓ અનંતનાથ પ્રભુ તારી,
મુરતિ લાગે મુને પ્યારી. ઓ અનંત.
કેસર ચંદનની લઈ થાળી,
પ્રભુજીને પુજું દાડી. ઓ અનં

સાખી. સુંદિર શોભે નાથનો, અનુપમ આ દરબાર,
ભવઅટવી ભમી આવીઓ, તુજ સેવકને તાર. ઓ.
સાખી. લંછન સેંચાણાતણું, બહુ દીસે રળીઆત;
અર્જ સુણજો સાહેબા, હેતે જગના તાત. ઓ.
સાખી. અયોધ્યાપુરીના રાજવી, જાણું સુયસા માય;
સિંહસેન સુત શોભીતા, કંચનવરણી કાય. ઓ.

સાખી. દુષ્ટ ચોર કેડે પડ્યા, ક્રોધાદીક જે ચાર;
તે નિવારો નાથજી, કૃપા કરી કિરતાર. ઓ.
સાખી. તરણ તારણ તાતજી, વિનતી આ અવિધાર;
બાળમંડળ બોલે પ્રભુ, ઉતારો ભવ પાર. ઓ.

૧૫

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો—એ રાગ.

શ્રી ધર્મ પ્રભુનું મુખ શોભી રહ્યું,
શોભી રહ્યું મન શોભાવી રહ્યું. શ્રી ધર્મ.
સાખી. રત્નપુરીના રાજવી, કંચનવરણી કાય;
વજ્રનું લંછન શોભતું, જાણું સુવ્રતા માય.
એવા દયાળુને પાયે પ્રણમીએ,
પાયે પડતાં દુઃખ દુરે થયું. શ્રી ધર્મ.
સાખી. સમવસરણમાં બેસીને, દીધી દેશના સાર;
દેવ મનુષ્ય તીર્યંચને, સુણે સહુ નરનાર.
પંદરમા પ્રભુજી ધર્મ, શોભા તારીરે;
દેખી થયો આનંદ આજ, ઉરમાં ભારીરે.
સાખી. મોક્ષપુરીના રાયને, નવણ કરી નવ અંગ;
પ્રભાતે પુજા કરૂં, અતિ ધરી ઉમંગ.
નેહ નજર કરી તારો સેવકને,
બાળમંડળે કરજોડી કહ્યું. શ્રી ધર્મ.

૧૬

વારી વારી શું શોભેછે વીરો—એ રાગ.

સર્વાધિરાજ ધન્ય જીનરાયા,

નિર્વીકલ્પ સ્વરૂપી અમાયા;
જુદી છે આ સંસારની માયા,
તે છોડાવો સુંદીર રાયા. સર્વાધિરાજ.

સાખી. હથીનાઉર રાજવી, ચાળીશ ધનુષ્યની કાય;
સોળમા જીનવર જાણીએ, લક્ષ વર્ષનું આય.

તારો તમે નાથ, તમારો છું દાસ, છોડું નહીં હાથ. નાથ. સર્વા.

સાખી. શિર મુગટ મોતીતણો, કાને કુંડળ સાર;
મૃગલંછન છે આપનું, શોભાનો નહિ પાર.

લાગી લાગી પ્રીત, ચોટયું મારૂં ચીત, ગાઉ તારા ગીત. નાથ. સર્વા.

સાખી. અરજી સુણજો સાહેબા, હેતે જીનવરરાય;
શાંન્તીજીન બાળ વિનવે, લળી લળી લાગે પાય.

ભાંગો મારી ભુખ, આપી મોક્ષ સુખ, જાએ બધું દુઃખ. નાથ. સર્વા.

૧૭

દીનદયાળુ છે મારો શ્યામ મારો શ્યામ (૨) રે—એ રાગ.

વ્હાલો લાગે કુંથુનાથ, જોડું હાથ, જોડું હાથ, જોડું હાથરે;
કરૂણાનો સાગર એ, ભક્તને તારશેજી.
કાયા સુવર્ણ તારી લાગે પ્યારીરે,
જોતાં પાપો નાશી જાય, નાશી જાય, નાશી જાયરે. કરૂણા.
જીનમંદિરમાંહે સેવકો ગીત ગાયે;
વરતાવી જયજયકાર, જયકાર, જયકારરે. કરૂણા.
પુનઃ પુનઃ પ્રભુજી મળજો, ભવોભવના પાતીક હરજો;
કરજોડી કહે તારો દાસ, તારો દાસ, તારો દાસરે. કરૂણા.

૧૮

આજ શ્યામો મોહીનાને બંસરી બજાઇરે—એ રાગ.

અરનાથ સ્વામી મારા, અરજ ઉરમાં ધારોરે;
અરજ ઉરમાં ધારો વીભુ, આપદાઓ ટાળોરે. અર.
લળીલળી તુને શિશ નમાવી, સ્તુતિ કરૂં તુજ પાસેરે;
દેવીમાતા સુત જાયા પ્રભુ, પુરજો મારી આશરે. અર.
અલબેલા છો નાથજી તમે, મનમોહન શિરતાજરે;
શશીસમ શોભે મુખડું રસાળું, સુરનર સેવે અપારરે. અર.
થનગન થનગન નાચજ કરતી, ઇંદ્રાણી તોરે વાસરે;
રમતાં નમતાં પાયે પ્રણુમતાં, જૈનબાળ ગીત ગાયરે. અર.

૧૯

સુંદીર શામળીઆ નામ જપીશ નીત્યે તારૂં—એ રાગ.

મલ્લીજીન પ્રભુ મળીઆ, જીવીત સફળ થયું મારૂં;
દુઃખ સૌ દૂર ટળીઆ, પ્રભુજીનું મુખ જ્યાં ભાળ્યું. મલ્લી.

મલીનાથ છો જગના ત્રાતા,
દેવી પ્રભાવતી થાએ માતા;
સેવકને અર્પો સુખસાતા,
નિલવર્ણે છો વિખ્યાતા.

તુજ મુખડું છે રઢીઆળું. મલ્લીજીન પ્રભુ.

મુરતી તારી પ્રભુ મોહનવેલી,
શી શોભેછે વાહ અલબેલી;
શીવપુર પદવી લીધી વહેલી,

ત્રીવીધ તાપને હાથે ઠેલી.
એવા છો દીનદયાળુ. મલ્લીજીન પ્રભુ.

૨૦

દુખની વાતો દુખીઆ જાણે સુખીઆ શાને જાણેરે-એ રાગ.

મનહર મુરતિ નિરખી નયણે, મુનીસુવ્રતજી સ્વામીરે,
ઉમંગ અંગથી આનંદ વાધ્યો, દરશન તારા પામીરે;
પદ્મા માતાના જાયા જીનજી, રાજગૃહી દીપાવીરે,
કચ્છપ લંછન સુંદીર સોહે, દીસે નહિ કાંઈ ખામીરે. મનહર.
નિત્ય નિત્ય તારી, સેવા કરૂં દાડી;
કેસરની લઈ થાળીરે.
મોક્ષપુરીના રાયા સાહેબા,
કરગરી કહું શિરનામીરે.
દુરગતિ હવે દુર કરીને, મુક્તિ આપો શીવગામીરે;
બાળમંડળની વીનતી ધારી, તારો તમે ગુણધામીરે. મનહર.

૨૧

મુને રહાય કરશે મોરારીરે—એ રાગ.

હેતે સાંભળો શ્રી જીનરાયારે,
પ્રીતે લાગી પ્રભુજી તારી માયા.
નવ કથન તમે લંછન શોભાવી, નાથ મહિલાપુરીએ આયા;
નામ ધરાવ્યું નમિનાથ પ્રભુ છો, માતા વિપ્રાના જાયા.
જન્મમરણના કષ્ટ કાપો, બાળમંડળે ગુણ ગાયારે. હેતે.

૨૨

આખી આલમને ઠગનારી, જાણો નીચ જાતી નારી-એ રાગ.

પ્રભુ [illegible] કરૂં આ વારી, સંતી [illegible] [illegible] પો[illegible];

પશુઓપર કરૂણા ધારી, એવા નેમ મોરારી. પ્રભુ.
નગીના તમે આવો, હ્યોને ભવ લાવો;
પ્રિતમજી છો પુરણ પ્રેમી, નહિ જાઓ પ્રીત વીસારી. પ્રભુ.

સતિ રાજુલ સુણ આ વારી, છે આ જગની માયા ખારી;
લઈશું સંજમમાળા ધારી, જઈશું જાતે ગીરનારી. સતી.
ઘડી સુખની આશે, ભમ્યો બારે માસે;
કુડી માયા સંસારની છોડી, સુખે વરીશ સીવનારી. સતી.

૨૩

ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલ સાથ—એ રાગ.

નહિ છોડો જગતાત નાથજી નહિ તરછોડો હાથ.
દેવ દયાળુ, તમે કૃપાળુ, સર્વે જનોનું દુખડું ટાળ્યું;
આપની આજ્ઞા નિત્યે પાળું, મારો છે ધર્મજ ખાસ. નાથજી.
હું અપરાધી, પામર પ્રાણી, નીતિ કદી દીલમાં નથી આણી;
ભક્તી કદી હૃદયે નથી જાણી, તોપણ કરજો સનાથ. નાથજી.
આ ભવ મારો તમે સુધારો, નમન કરૂં પ્રભુ પાર ઉતારો;
ગુન્હા અમારા નહિ દીલે ધારો, હવે ન છોડું સાથ. નાથજી.

૨૪

જુઠું જુઠું જીવીત ખરૂં જાણમાંરે—એ રાગ.

વંદુ વંદુ હું મહાવિરસ્વામીરે (૨)
મહાવિરસ્વામીરે, શીરનામીરે. વંદુ વંદુ.
માતા ત્રીસલાના છો જાયા, કંચનવરણી દીપે કાયા;
ક્ષત્રીકુંડના રાયા, ગુણધામીરે. વંદુ વંદુ.

સાત હાથની કાયા તમારી, બોંતેર વર્ષ આયુષ ધારી;
લંછન સિંહતણું શોભે, નહિ ખામીરે. વંદુ વંદુ.
કૃપા કરી સેવકને તારો, ભવસાયરથી પાર ઉતારો;
બાળમંડળ ગુણ ગાવે, આનંદ પામીરે. વંદુ વંદુ.

૨૫

મારો કુંવર કોડીલો ઝુલેરે—એ રાગ.

શાન્તીનાથ છો જયકારીરે, મારા વહાલા પ્રભુ ઉપકારી;
કષ્ટોને કાપી પાર ઉતારો, નમું તુને દીલે ધારીરે. મારા.
જન્મમરણને છો હરનારા, ચરણકમળ પ્રભુ વંદુ હું તારા;
તારી મુરતિ લાગે પ્યારી, તારા મુખપર જાઉં વારી.
મારૂં મન હરખાય, જોઈ આનંદ ન માય;
મારાં પાપો નાશી જાય, મન શાંન્ત મારૂં થાય.
તારી સેવા સદા સુખકારીરે. મારા.

૨૬

રાગ આશાગોડી.

મુરતી મોહનગારી, જીનંદા તોરી મુરતી મોહનગારી;
જીતશત્રુ રાજા વિજયાનંદન, નામ અજીત ઉપકારી. જીનંદા.
વદન શશીસમ પ્રભુજીનું શોભે, લંછન હસ્તી ધારી. જીનંદા.
અયોધ્યા નગરી વીનીતા સ્વામી, સેવે સુરનરનારી. જીનંદા.
ભવોદધિમાં રખડી રઝળી, આવ્યો શરણુ આવારી. જીનંદા.
દેવ દયા કરી સમકીત આપો, બાળમંડળ લ્યો તારી. જીનંદા.

૨૭

મહેતાજીરે શું મહી મુલ બતાવું—એ રાગ.

નગીનારે શાને કાજે સતાવો, પ્રીતમજી ઓરા આવો;

આ ક્યોને ભવનો લાવોરે, નેમ કરૂણાળુ તમે કહાવોરે.
નથી આપણે કાંઈ બીજો દાવોરે (૨)
શા કાજેરે તોરણુથી પાછા જાઓ. પ્રિતમજી.
જરા પ્રીતીનું પાણી પાઓરે, સ્વામી મુજ મનડું હરખાઓરે;
ચડી ચોરીએ રાજાજી થાઓરે (૨)
સામળીઆરે નેમ મોરારી કહાવો. પ્રિતમજી.

—⁂—

નેમજી કહેરે સાંભળ રાજકુમારી, તું માન શીખામણુ મારી.
આ જુઠી જગત જંજાળીરે, છોડી દે આળ પંપાળીરે;
સંસારથી મનડું વારીરે (૨)
દીક્ષા લેને ઉરમાં પ્રેમ વધારી. તું માન શીખામણુ.
જેવો હુંપર પ્રેમ છે તારોરે, તેવો સંયમ વીશે ધારોરે;
માયા મોહ સવિ નીવારોરે (૨)
તો તરશોરે, કર્મ રીપુ સંહારી. તું માન શીખામણુ.

२८

વીશ વેશ્યાના યારી, ઉભા અટારી—એ રાગ.

સુણો શીતળસ્વામી, અંતરજામી, કરજોડી કહું કીરતાર;
પ્રભુ મોક્ષના ગામી, ગુણના ધામી, તુજ સેવકને તાર.
ભદ્દીલપુરના રાજવી જીનજી, લક્ષ પુરવનું આય;
શ્રી વચ્છ લંછન શોભેછે સારૂં, જાણું નંદામાયરે. સુણો.
પીતાતણો તમે રોગ ખપાવી, વરતાવ્યો જયજયકાર;
એવા શ્રી જીનરાયને સરવે, નમીએ વારંવારરે. સુણો.
મોતીતણો માથે મુગટ બિરાજે, કર્ણે કુંડળ ઉર હાર;

અષ્ટકર્મનો ક્ષય કરી વળી, ટાળ્યા દોષ અઢારરે. સુણો.
ભવનો ફેરો ટાળવા પ્રભુજી, અર્જ કરૂં જગદીશ;
સેવક માગે એટલું વાલા, હેતે નમાવી શીશરે. સુણો.
અરજી અનુચરની ઉરમાં ધારી, કર્મ કરો ચકચુર;
કરજોડી બાળમંડળ બોલે, આપો સુખ ભરપુરરે. સુણો.

૨૯

મન માયાના કરનારારે જરી જોને તપાસી—એ રાગ.

હેતે સુણો ચંદ્રપુરી રાયારે, પ્રીતે લાગી મને તારી માયા;
નિરખું સુવર્ણમય તારી કાયારે, છોજી મોક્ષપુરીના રાયા.
મહાસેન પિતા સુવતા માતા. પુત્ર તેના કહેવાયા;
અષ્ટકર્મોનો નાશ કરી પ્રભુ, મુક્તિપુરી સીધાવ્યારે. પ્રીતે.
નાથ નીરંજન ભવ દુખ ભંજન, એવા પ્રભુજી સોહાયા;
તારકતા તુજ માંહે જાણી, સેવક શરણે આયારે. પ્રીતે.
ચંદ્રનું લંછન વરતે છે વાલમ, ઉજવળ વરણી કાયા;
આપ તર્યા અનેકને તાર્યા, સેવે સુરનર પાયારે. પ્રીતે.
કરજોડી ઝીંઝપુરની માંહે, બાળ મંડળે ગુણ ગાયા;
ઉમંગ અંગથી આનંદ વાધ્યો, જય જય શ્રી જીનરાયારે. પ્રીતે.

૩૦

અરે આ જીંદગાની મનુભવની એળે જાય છે—એ રાગ.

પ્યારા પ્રથમ જીનેશ્વરની, પ્રેમે પુજા કરોરે;
કુકૃત્યો કરવાથી ચેતન, દીલમાંહી ડરોરે. પ્યારા.
કૃત્યાકૃત્ય વિચાર કરીને, સદગુરૂ શિક્ષા હૃદય ધરીને;
લક્ષ ચોરાશી યોનીનો, ટાળો ફેરોરે. પ્યારા.

ઉરમાં ધ્યાનાનળ સળગાવી, કર્મરૂપી કાષ્ટ દ્હાવી;
અતિઆનંદે શિવરમણી, વેગે વરોરે. પ્યારા.
ભક્તિ સ્તુતિ કરી લ્યો ભાવે, અવસર આવો ફરી ન આવે;
આર્ત રૌદ્રને છંડો, ધ્યાન શુક્લ ધરોરે. પ્યારા.
માતા મારૂદેવીના જાયા, મુક્તીપુરીમાં આપ સધાયા;
આ સેવકને આશરો તારો, છે ખરોરે. પ્યારા.
કામ ક્રોધાદીકને ત્યાગી, અંતરને। થાને તું રાગી;
સુખલાલ કહે સહેજે, ભવ સાયર તરોરે. પ્યારા.

૩૧

આંગી રચાવી આજરે નમું તોરા ચરણમાં (૨)—એ રાગ.

સોળમા શાન્તી જીણુંદરે, કરૂં ભક્તી તમારી (૨) કરૂં.
વિશ્વસેન કુકુળ આપે દીપાવ્યું, અચીરા કુક્ષે અવતારરે. કરૂં.
ઉપકારી પ્રભુ પરમકૃપાળુ, તાર્યા અનેક નર નારરે. કરૂં.
મૃગલંછન લક્ષ વરસનું આય, સોહીએ સોવન વાનરે. કરૂં.
ધનુષ્ય ચાલીશ કાયા તમારી; દીપે બહુ ગુણવાનરે. કરૂં.
ગજભવે સસલો રાખ્યો આપે, દયા તો દીલમાં ધારીરે. કરૂં.
તીર્થંકર ગોત્ર આપે બાંધ્યું, પારેવાને ઉગારીરે. કરૂં.
નેહ નજર કરી સેવક તારો, આવ્યો તુજ દરબારરે. કરૂં.
બાળમંડળ કરજોડી બોલે, ઉતારો ભવપારરે. કરૂં.

૩૨

તુને કુમળાજી અરવા (૨)—એ રાગ.

વાસુપુજ્ય મહારાજા, (૨) હેજી વાસુપુજ્ય મહારાજા;
ઓ પીતા મોરા, (૨) હેજી વાસુપુજ્ય મહારાજા.
જૈનમંદિર માંહે આપ બીરાજો, દીસે આનંદ અપારા;

હેજી દીસે આનંદ અપારા, ઓ પીતા મોરા. (૨) વાસુ.
લંછન કાયારે મહિષનું શોભે, જય જય જીનરાયા;
હેજી જય જય જીનરાયા, ઓ પીતા મોરા. (૨) વાસુ.
માથે મુગટ કાને કુંડળ બીરાજે, હીરા મોતી ઝવેરા;
હેજી હીરા મોતી ઝવેરા, ઓ પીતા મોરા. (૨) વાસુ.
બાળમંડળ સહુ તુમ ગુણુ ગાવે, માગે શીવસુખ દ્વારા;
હેજી માગે શીવસુખ દ્વારા, ઓ પીતા મોરા. (૨) વાસુ.

૩૩

થયા છોરે પતી તેજ પ્યારી તનના—એ રાગ.

સાચા જાણોરે આ વિજયા માતના, પુત્ર અજીતનાથ;
કલ્પવૃક્ષને છંડી કોણ જન, ભરે બાવળે બાથ. સાચા.
શરણે હું આજ આવ્યો, મહારાજ સરે જેમ કાજ;
તેમ કરો કરૂણાસાગર, કરૂણા લાવી ઉર આજ. સાચા.
ભવ અટવીનો પારજ લઇને, ગ્રહ્યો મોક્ષ આ વાસ.
લ્યોનને સાથ જોડું હાથ, તારો નાથ;
જીત શત્રુ સુત જીનજી આ, સેવકની પુરો આશ. સાચા.
ગજતણું લંછન શોભાવો, દીસે ન લંછન કોઈ;
લાગું પાયે, સુખ થાયે, દુખ જાયે;
લઘુબાળ આ અરજ કરે છે, તાર તાર મુજ નાથ. સાચા.

૩૪

પ્યારા ભાઇ વધાવુંરે (૨)—એ રાગ.

પ્રેમ પ્રભુ વધાવુંરે,
કેશર ચંદન પુષ્પ લઇને, નવણ કરૂં પ્રભુ અંગ.

પ્રભુ પુજા કરૂં પ્રેમેથી અતિ ધરી ઉમંગ;
અનુપમ આંગી રચાવુંરે. પ્રેમે.
આજનો દીવસ અતિઆનંદી, જોઇ પ્રભુ દેદાર,
ભવોદધિમાં ભ્રમણ કર્યાથી, થાક્યો હવે કીરતાર;
નિત્યે શીશ નમાવુંરે. પ્રેમે.
ક્રીપા કરી સેવકની ઉપર, તારો ત્રીભુવન નાથ,
બાળમંડળ વિનતી અવિધારો, ગ્રહો અમારો હાથ;
જેમ શીવસુખ પાઉરે. પ્રેમે.

૩૫

સાહેલી ચાલ્યા જોને પેલા અલબેલા—એ રાગ.

ઓ સુમતિજીન સ્વામી, મારા અલબેલા;
તું મુજને, દર્શન દે વાલ્હમ વેલા;
ભક્તિ ચાહુ, ગુણ મુખ ગાઉ, છેલ છબિલા હર્ષ ધરાવું;
આવી ઝડપે, ભેટું સડપે, લટક મટક ચટક. તું મુજને.
મુરતિ મનમોહનની જોઈ, મારૂં મન રહ્યું છે મોહી;
પાપ મેલ મેં નાંખ્યા ધોઈ, તડપ ફડપ ઝડપ. તું મુજને.

૩૬

અબચલે (૨) ન મોહન ડેરા—એ રાગ.

નમું નમું (૨) કુંથુંનાથ સ્વામી, ગુણગાઉં પ્રભુ શીરનામી;
છો ત્રણ ભુવનના સ્વામી, જગતારક અંતરજામી.
પ્રભુ શીવસુખના વીસરામી, દુખડાં નાખો મુજ વામી;
તુજ દરબાર, આવે નરનાર, ઉતાર્યા પાર.
એવા છો આતમરામી. ગુણ ગાઉ.

વિચરીને દેશવિદેશે, બહુ તાર્યા જનો ઉપદેશે,
નમું હે નાથ, જોડીને હાથ, ઉગારો અનાથ;
દયાળુ દામી. ગુણુ ગાઉં.

૩૭

પામ્યો પામ્યો પદમણી નારી હો—એ રાગ.

ભેટયા ભેટયા મલીજીન સ્વામી હો,
મારી સફળ થઈ જીંદગાની.
મુરતિ અતિશય છે, મનોહારી જોતાં મુખડું;
આનંદકારી, દર્શન કરે જન ભાવી હો. મારી.
ભોયણીપુરમાં તે બિરાજે, જેની કીર્તિ જગમાં ગાજે;
દેશી વિદેશી નમે આવી હો. મારી.
દર પૂનમે બહુજન આવે, ગુણુ ગાએ ઉલટથી ભાવે;
રૂડી રૂડી આંગીઓ રચાવી હો. મારી.
બાળમંડળ હરખે ગુણુ ગાવે, અવિચળ સુખડા જેમ પાવે
તેમ કરો ગુણધામી હો. મારી.

૩૮

ગુલાબી મધુ પાજો મારા લાલ—એ રાગ

પધારો પ્રભુ પાછા તારણહાર,
કરો પાવન રાજુલ નાર. પધારો.
આવી મારે આંગણેરે, કેમ ગયા ગીરનાર;
અપરાધ શું છે માહરોરે, કહોને જગદાધાર. પધારો.
પીરસું ભોજન ભાવથીરે, અંતર લાવી વહાલ;
દુખણી પર દયા દાખવોરે, કરગરી કહું કરૂણાળ. પધારો.

નેમ નેમ નિત્યે જપુરે, ભવદુખ ભંજનહાર;
શિવા દેવીના જાયા સ્વામી, આતમના આધાર. પધારો.
કરજોડી બાળમંડળ બોલે, ઝીંઝપુર મોઝાર.
આશા અમારી પુરણ કરજો, નમીએ વારંવાર. પધારો

૩૯

તુંહી શ્યામ તુંહી શ્યામ તુંહીરે—એ રાગ.

તુંહી એક, તુંહી એક, તુંહીરે;
બીજા સેવક તારેરે અનેક, મારે મન તુંહી એક. (૨) રે.
પાર્શ્વ પ્રભુજી ભવ અટવીમા, ભમ્યો હું વારંવાર,
છેદન ભેદન દુખ સહ્યા અતિ, હજી ન આવ્યો પાર;
શરણે હું આવ્યો તારીરે. તુંહી એક.
હર્ષીત થયું મનડું મારૂં, નિરખી તુજ દેદાર,
કીપા કરી સેવકની ઉપર, ભવસાયરથી તાર;
અરજી ઉર ધારીરે. તુંહી એક.
યાદવજનની જરા નિવારી, એવા દયાળુ દેવ,
શ્રી શંકેશ્વર પાર્શ્વજીનની, ભાવે કરીએ સેવ;
સુંદીર છબી પ્યારીરે, તુંહી એક.
વિધીપુર્વક યાત્રા કરતાં, દુરીત દોષ મીટાય,
માગે કર્ત્તા કરજોડીને, વંછીત પદવી પાય;
આશા તો પુરો મારીરે, તુંહી એક.

૪૦

રાગ બનઝારો.

આ મુરતિ મોહનગારી, મહાવીર જીનેશ્વર તારી,

પુરી ક્ષત્રીકુંડના રાયા, માતા ત્રીસલાદેવીના જાયા;
સીધારથ સુત બલિહારી, મહાવીર. ૧
સપ્ત હાથની કાયા શોહે, ભવિજનનું મનડું મોહે;
સિંહ લંછન શોભા સારી, મહાવીર. ૨
પાળ્યું બોતેર વર્ષનું આય, કંચનવરણી તુજ કાય;
સેવા કરે સુરનર નારી, મહાવીર. ૩
સગ વિહની શુધી કરીને, પુજા કરૂં પ્રેમ ધરીને;
આંગી રચાવું બહુ ભારે, મહાવીર. ૪
મળી બાળમંડળ ગુણ ગાય, મયા કરો મહાવિરયા;
આ સેવક લ્યોને ઉગારી, મહાવીર. ૫

૪૧

છેલ્લી સ્તુતિ.

રાગ—માઢ

શુણો દેવાધી દેવા, કરૂં તુજ સેવા;
જેમ ભવો સુખ થાય.
મળે મુજને મેવા અમૃત જેવા;
કરૂં તુજ સેવા, જેમ ભવો સુખ થાય. ૧
કર્મ રીપુ સંહારી પ્રભુજી, પામ્યા કેવળજ્ઞાન;
ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર ભોગિંદ્ર, ધરે તમારૂં ધ્યાન.

પ્રભુ છો તમે એવા, નહિ કોઈ તેવા, કરૂં તુજ સેવા;
જેમ ભવો સુખ થાય, ૨
પ્રાર્થના કરતાં પ્રભુજી પાસે, ઝીંઝપુરની માંહ્ય;
સકળ મનોરથ સિધા અમારા, બાળમંડળ ગુણ ગાય.
દુઃખ દૂરે કરેવા, શિવસુખ લેવા, કરૂં તુજ સેવા;
જેમ ભવો સુખ થાય. ૩

સ્તવન લીખ્યતે.

૧

ગીરૂઆરે ગુણ તુમતણા, શ્રી વર્ધમાન જીનરાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મ્હારી નિરમળ થાએ કાયારે. ગીરૂ.
તુમ ગુણ ગંગાજળે, હું ઝીલી નીરમળ થાઉરે;
અવર ન ધંધો આદરૂં, નિશદીન તોરા ગુણ ગાઉરે. ગીરૂ.
ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવી પેસેરે;
જે માલતી ફુલે મોહીઆ, તે બઉલ જઈ નવી બેસેરે. ગીરૂ.
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગ રાચ્યાને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરે, જે પરનારી વશ રાચ્યારે. ગીરૂ.
તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારોરે. ગીરૂ.

૨

સીધારથનારે નંદન વીનવું, વીનતડી અવધાર;
ભવ મંડપમાંરે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાય. સી.
ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે સંતાપ;
દાન દેઅંતારે પ્રભુ કોસર કેસી, આપો પદવી આપ. સી.
ચરણ અંગુઠે તે મરૂ કંપાવીઆ, મોડયાં સુરનાંજ માન;
અષ્ટ કરમના તે ઝઘડા ઝીતવા, દીધા વરસીદાન. સી.
સાસન નાયક શીવસુખ દાયક, ત્રીસલા કુખે રતન;
સીધારથનો વંશ દીપાવીઓ, પ્રભુજી તમને ધન્ય ધન્ય. સી.

વાચક શિખરે કીરતીવીજય ગુરૂ, પ્રણમુ તાસ પસાય;
ધરમતણા એ જીન ચોવીસમા, વીનયવિજય ગુણ ગાય. સી.

૩

હાંરે મારે જોબનીયાનો લટકો ઘડી બે ચારજો.—એ રાગ.

હાંરે મારે ધર્મ જીણંદશું લાગી પુરણ પ્રીતજો,
જીવડલો લલચાણો જીનજી ઓલગેરે લોલ;
હાંરે મુને થાશે કોઇકિ સમે પ્રભુ સુપ્રસન્નજો,
વાતલડી મહારીરે સવી થાશે વગેરે લોલ.
હાંરે પ્રભુ દુરીજનનો ભંભેર્યો મારો નાથજો,
ઓળવશે નહિ કયારે કીધી ચાકરીરે લોલ;
હાંરે મારા સ્વામી સરખો કોણ છે દુનીયા માંહેજો,
જઇએરે જીમ તેહને ઘર આશા કરીરે લોલ.
હાંરે જસ સેવા સેતી સ્વારથની નહિ સીધજો,
હાલીરે શી કરવી તેહથી ગોઠડીરે લોલ;
હાંરે કોઇ જુઠું ખાયતે મીઠાઇને માટેજો,
કાંઈરે પરમારથ વીણ નહીએ પ્રીતડીરે લોલ.
હાંરે અંતરજામી જીવન પ્રાણ આધારજો,
વાયોરે નવી જાણો કળીયુગ વાયરોરે લોલ;
હાંરે લાયક નાયક ભક્તવચ્છળ ભગવંતજો,
વાયુરે ગુણ કેરો સાહેબ સાયરૂરે લોલ.
હાંરે લાગી મુજને તાહરી માયા જોરજો,
અળગારે રહ્યાથી હોયઓ સંગળોરે લોલ;

હાંરે કુણ જાણે અંતરગતની વીણ મહારાજજો,
હેજેરે હસી બોલો છોડી આંબળોરે લોલ.
હાંરે તારે મુખને મટકે અટકયું મારૂં મનજો,
આંખલડી અણીયાળી કામણગારડીરે લોલ;
હાંરે મારા નયણાં લંપટ જોવે ક્ષીણ ક્ષીણ તુજજો,
રીતેરે પ્રભુ રૂપે ન રહે વારીઆરે લોલ.
હાંરે પ્રભુ અળગો તોપણ જાણજો કરીને હજુરજો,
તાહરીરે બલિહારી હું જાઉ વારણેરે લોલ;
હાંરે કવી રૂપ વિબુધનો મોહન કરે અરદાસજો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણોરે લોલ.

૪

ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો.—એ રાગ.

રે જીવ જીન ધર્મ કીજીએ, ધર્મના ચાર પ્રકાર;
દાન, શિયળ, તપ, ભાવના, જગમાં એટલું સાર. રે જીવ.
વરસ દીવસને પારણે, આદીશ્વર સુખકાર;
શેલડી રસ વોરાવીઆ, શ્રી શ્રેયાંસ કુમાર. રે જીવ.
ચંપા પોળ ઉઘાડવા, ચારિણીએ ઢાંકયા નીર;
સતિય સુભદ્રા જશ થયો, શીયળે સુરનર ધીર. રે જીવ.
તપ કરી કાયા સોસવી, સરસ નીરસ આહાર;
વીરજીણંદ વખાણીઆ, ધન્ય ધન્નો અણગાર. રે જીવ.
અનિત્ય ભાવના ભાવતાં, ધરતાં નિર્મળ ધ્યાન;
ભરત અરિસા ભુવનમાં, પામ્યા કેવળજ્ઞાન. રે જીવ.

જૈન ધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાંય;
સમયસુંદર કહે સેવતાં, વંછીત ફળ પાય. રે જીવ.

૫

પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદશું,
પ્રભુ પાખે ક્ષણુ એક મન ન સુહાયજો;
ધ્યાનની તાળીરે લાગી નેહશું,
જલદ ઘટા જેમ શીવસુત વાહન દાયજો. પ્રીત.
નેહ પેલો મન મારોરે પ્રભુ અળજે રહે,
તન ધન મન કારણુથીએ સુજજો;
મારે તો આધારરે સાહેબ રાવળો,
અંતરગતતો પ્રભુ આગળ કહું ગુંજજો. પ્રીત.
સાહેબ તે જગમાં સાચો જાણીરે,
સેવકના જે સહેજે સુધારે કાજજો;
એવેરે આચરણે કેમ કરી રહું,
બિરૂદ તુમારો તારણુ તરણુ જહાજજો. પ્રીત.
તારકતા તુજ માંહેરે શ્રવણે સાંભળી,
તે જાણી હું આવ્યો દીન દયાળજો;
તુજ કરૂણાની લહેરરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણુ આગળ કૃપાળજો. પ્રીત.
કરૂણાદીક કીધીરે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસન્નજો;
મન વંછીત ફળીઆરે જીન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગજો. પ્રીત.

પ્રભાતિઆં.

તે દીન ક્યારે આવશે, શ્રી સીધાચળ જાશું;
રૂષભ જીણુંદને પુજવા, સુરજકુંડમાં નાશું. તે.
સમોવસરણુમાં બેશીને, જીનવરની વાણી;
સાંભળશું સાચા મને, પરમારથ જાણી. તે.
સમકીત વ્રત શુધા ધરી, સદ્દગુરૂને વંદી;
પાપ સર્વે આલોઇને, નીજ આતમ નંદી. તે.
પડીક્રમણા દોય ટંકના, કરશું મન કોડે;
વીષય કસાય નિવારીને તપ કરશું હોડે. તે.
વાહાલાને વૈરી વચે, નવી કરીશું વેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરીશું ચેરો. તે.
ધર્મ સ્થાનક ધન વાપરી, છ કાયને હેતે;
પંચમહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે. તે.
કાયાની માયા મેલીને, પરીસહને સેહેશું;
સુખ દુઃખ સઘળાં વીસારીને, સમભાવે રહેશું. તે.
અરિહંત દેવને ઓળખી, ગુણ તેના ગાશું;
ઉદય રતન એમ ઉચરે, ત્યારે નિર્મળ થાશું. તે.

રાગ સદર.

તે દીનનો વીસવાસ છે, વિર પ્રભુજી તમારો;
ભક્ત તમારો હું વીનવું, મને પાર ઉતારો. તે.
ચોસઠ ઇંદ્રે થાપીઆ, સીંહાસન આપ્યું;
રાજરીધી સુખ સંપદા, સમકીતજ થાપ્યું. તે.

ભક્ત ભલીપરે ઉધર્યા, એતો શેઠ સુદર્શન;
શુળી ટાળી મારા સાહેબા, કીધોરે સિંહાસન. તે.
ચારીત્રથકી ચુકી કરી, ગુણકા ઘેર વસીઆ;
અખાડ નંદીસેણુ ઉધર્યા, તુમે ભક્તના રસીયા. તે.
અગ્નીજ્વાળા અગે વસી, વીષધર વીકરાળો;
પગે ડસ્યો ચંડકોષીઓ, ઉધર્યો નાગ કાળો. તે.
ચંદનબાળાને કારણે, પ્રભુ તમે ચાલીને આવ્યા;
બેડી ભાગી મારા સાહેબા, શણગાર પહેરાવ્યા. તે.
બારે વ્રતમાં એક નહિ, કાંઇ નામજ લીધું;
શ્રેણીક ભક્તી જાણી ખરી, આપે નીજ પદ દીધું. તે.
ભલારે બુરા ભક્ત ઉધર્યા, એતો શાસ્ત્ર સુણાવે;
નાથ નિરંજન ભક્તિનો, રૂપચંદ ગુણ ગાવે. તે.

થોયો.

સંખેશ્વર પાસજી પુજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવંછીત પુરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ.
દોય રાતા જીનવર અતિ ભલા, દોય ધોળા જીનવર ગુણ નીલા;
દોય લીલા દોય સામળ કહ્યા, સોળે જીન કંચન વર્ણ લહ્યા.
આગમ તે જીનવર ભાખીઓ, ગણધર તે હૈડે રાખીઓ;
તેહનો રસ જેણે ચાખીઓ, તે હુવો શીવસુખ સાખીઓ.
ધરણીધર રાય પદ્મમાવતી, પ્રભુ પાર્શ્વતણા ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચુરતી, નયવિમળના વંછિત પુરતી.

સુમતિ સ્વર્ગ દીએ અસુમંતને,
મમત મોહ નહિ ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરી શીવબાલિકા,
તુમરૂ વીર નમે મહાકાળિકા.

પુંડરીક ગણધર પાય પ્રણમીજે, આદીશ્વર જીનચંદાજી;
નેમ વીના તેવીશ તિર્થંકર, ગીરી ચડીઆ આણંદાજી.
આગમમાંહે પુંડરીક મહિમા, ભાખ્યું જ્ઞાન દીણંદાજી;
ચૈત્રી પુનમ દીને દેવી ચક્રેશ્વરી, સોભાગ્ય દો સુખકંદાજી.

આરતી.

અપછરા કરતી આરતી જીન આગે, હાંરે જીન આગેરે જીન આગે;
હાંરે એતો અવિચળ સુખડાં માગે, હાંરે નાભીનંદન પાસ. **અપછરા.**
તાથેઇ નાટક નાચતી પાય ઠમકે, હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાંરે સોવન ઘુઘરી ઘમકે, હાંરે લેતી ફુદડી બાળ. **અપછરા.**
તાલ મૃદંગને વાંસળી ડફ વીણા, હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા;
હાંરે મધુ સુરાસુર નયણાં, હાંરે જોતી મુખડું નિહાળ. **અપછરા.**
ધન્ય મારૂદેવા માતને પ્રભુ જાયા, હાંરે તોરી કંચનવરણી કાયા;
હાંરે હું તો પુરવ પુન્યે પાયા, હાંરે દેખ્યો તોરો દેદાર. **અપછરા.**
પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો, હાંરે પ્રભુ સેવક હું છું તમારો;
હાંરે ભવોભવના દુખડાં વારો, હાંરે તુમે દીનદયાળ. **અપછરા.**
સેવક જાણી આપનો ચીતે ધરજો, હાંરે મોરી આપદા સઘળી હરજો;
હાંરે મુની માણેક સુખીઓ કરજો, હાંરે જાણી પોતાનો બાળ.**અપછરા.**

મંગળદીવો.

ચ્યારો મંગળ ચ્યાર, આજ મારે ચ્યારો મંગળ ચાર. એ ટેક.

દેખ્યો દરસ સરશ જીનજીકો, શોભા સુંદર સાર. આજે. ૧

છીનુંછીનુંછીનું મનમોહન અરચ્યો, ઘસી કેસર ઘનસાર. આજ. ૨

વિવિધ જાતીકે પુષ્પ મંગાવો, મોઘર લાલ ગુલાલ. આજ. ૩

ધુપ ઉખેવો ને કરો આરતી, મુખ બોલો જયકાર. આજ. ૪

હરખ ધરી આદેશ્વર પુજો, ચોમુખ પ્રતિમા ચાર. આજ. ૫

ભાવ હૃદયે ધરી ભાવના ભાવો, જીમ પામો ભવપાર. આજ. ૬

સકળચંદ સેવક જીનજીકો, આનંદઘન ઉપગાર. આજ, ૭

આગળથી આશ્રય આપનાર સાહેબોના મુબારક નામોની ટીપ ઉર્ફે યાદી.

ઝીંઝુવાડા.

૧૦ શેઠ. દલીચંદ લવજી
૧૯ રા. રા. હકમચંદ ડુંગરશી વહોરા એકાઉન્ટંટ અને થાણા વહીવટદાર
૧૦ વહોરા. પ્રભુલાલ કચરાભાઈ હ. મેતા નીમચંદ બબાભાઇ
૫ મે. મુળજીભાઈ પાશવીરશાહ તાલુકા સ્કૂલ માસ્તર સાહેબ
૫ શા. માણેકચંદ પરશોત્તમ
૫ શા. માણેકચંદ નથુભાઈ હ. શા. મગનલાલ માણેકચંદ
૫ શંઘવી. મણીલાલ નેણશીભાઈ
૫ ગોકળદાસ નાનજી ગાંધી સ્પે. આસિ. માસ્તર
૫ રા. ઝવેરચંદ પ્રેમચંદશાહ આ. માસ્તર ઝીંઝુવાડા
૫ વહોરા. મોતીચંદ સુરચંદ
૪ કપાસી. નથુભાઈ દેવચંદ
૪ વહોરા. ઝુંઝાભાઈ તેજપાળ
૨ વહોરા. કુબેરભાઈ મુળચંદ
૨ શા. લવજી કાળીદાસ
૧ વહોરા. લલુભાઈ ઇચ્છાચંદ
૧ શા. પરસોતમ લાટકચંદ
૧ શા. અમૃતલાલ ટોકરશી
૧ શેઠ. લલુ દેવકરણ
૧ કપાસી. ખુસાલ દેવચંદ
૧ ભાવસાર. મગનલાલ પ્રાગજી
૧ શા. ભુદરશી વખતચંદ
૧ વહોરા. ડુંગરશી માણેકચંદ
૪૫ માસ્તર. સુખલાલ રવજીભાઇ- ની માર્ફતે
૮ માસ્તર. સુખલાલ રવજીભાઈ
૫ શા. ડોસાભાઈ સુંદરજી
૫ શા. મણીલાલ જેશીંગભાઇ
૩ વહોરા. ચતુરભાઈ માણેકચંદ
૨ વહોરા. ડાહ્યાભાઈ મોતીચંદ
૧ દોસી. ધનજી જોઇતાભાઈ
૧ શા. ચુનીલાલ માણેકચંદ
૧ વહોરા. જગજીવન તલકસી
૧ કપાસી. મણીલાલ દેવચંદ
૧ શા. હંસરાજ હેમચંદ
૧ મેતા. જગજીવન સુંદરજી
૪ બ્હેન. ઝબક કસ્તુર
૪ બ્હેન. પારવતી માણેચંદ
૧ શા. નાગરદાસ લખમીચંદ મોઢુકા
૧ શા. મગનલાલ હરીચંદ ,,
૧ દેશાઈ. ત્રીભોવન જીવણભાઇ ,,
૪ શા. કેશવલાલ ઉકાભાઈ માંડળ
૧ શા. દલસુખ કેવળશી માંડળ

કવેટા (બલુચીસ્તાન).

૧૦૧ શ્રીયુત. શા. જેઠાલાલ ડાહ્યાભાઈ કંટ્રાકટર

કોડ.

૨૧ શા. ચુનીલાલ હરજીવનની માર્ફત
૧ શા. ચુનીલાલ હરજીવન
૧ શેઠ. લવજીભાઇ દીપચંદ
૧ સુખલાલ હરજીવન
૧ કેશવલાલ ઓધડશી
૧ મોહનલાલ તલકશી
૧ શા. મલુકચંદ જેઠાભાઈ
૧ શા. માણેકચંદ હીમચંદ
૧ શા. ચુનીલાલ ઉજમશી
૧ શા. મગનલાલ દોલા
૧ શેઠ. ભીખાલાલ ઉજમશી
૧ શકરચંદ પદમશી
૧ શેઠ. પ્રેમાભાઈ રઘુભાઈ
૧ શેઠ. ભીખાલાલ પરશોતમ
૧ સંઘવી. હીમચંદ પદશોતમ
૧ શા. કરસન લવજી
૧ શા. મણીલાલ ઉજમશી
૧ શા. દેવકરણ ફુલચંદ
૧ શા. પોપટલાલ ચકુભાઈ
૧ શા. ત્રંબકલાલ પોપટલાલ
૧ શા. સકરચંદ ટોકરશી
૧ મોદી. દીપચંદ હીમચંદ

વીસાવડી.

૪ શા. દેવચંદભાઈ પીતામરની માર્ફત
૧ શા. દેવચંદ પીતામર
૧ શેઠ. ભાઇચંદ નથુભાઈ
૧ ગાંધી. કસ્તુર જેશંગ
૧ શા. મલુકચંદ સાંકળચંદ

ઓડુ.

૧૦ શેઠ. મગનલાલ ગણેશજી
૧ શા. છગનભાઈ કુબેર
૧ પુજારી. વલભ કચરા ભોજક

ગોધરા.

૧૧ શેઠ. ભાઇચંદ જુઠાશાહની માર્ફત
૧ શા. ભાઇચંદ જુઠા
૧ શેઠ. વાડીલાલ ગીરધરલાલ
૧ શા. નીમચંદ મોતીચંદ મુળી
૧ શા. જગજીવન કાળીદાસ પાંડવરા
૧ શા. દલીચંદ નાગરદાસ ,,
૧ શા. ખીમચંદ લખમીચંદ ધ્રાંગધ્રા
૧ શા. ઝવેરચંદ દેવચંદ દાગસર
૧ શા. ત્રીભોવન કુવરજી સોમાસર
૧ ધનજી મોતીચંદ પાંડવરા
૧ મગનલાલ ચત્રુભુજ હળવદ

ટીકર રણની.

૧૦ રા. રા. મહેતા ન્યાલચંદ ગણેશજી
૨ મહેતા. હકમચંદ બબાભાઈ
૧ મહેતા. માવજી જેઠાભાઈ
૧ ,, ત્રીભોવનદાસ પીતામ્બર
૧ ,, ત્રીભોવન મોનજી
૧ રા. રા. દામોદર જીવણભાઇ શીરસ્તેદાર. મહાલકારી ઓફીસ
૧ મહેતા. મકનજી વધમાન
૧ ,, ગંગારામ હંસરાજ.

૧ ,, કાશીદાસ અંબાવીદાસ
૧ ,, શ્રી સ્થાનકવાસી જૈન લાઇબ્રેરી
૫ રા. રા. મહેતા. વખતચંદ મોતીચંદભાઇ
૫ ,, ,, રામજીભાઈ હંસરાજ
૨ શ્રી સત્યશુબોધ જૈનશાળા
૧ મહેતા. મગનલાલ લખમીચંદ
૧ મહેતા. દલીચંદ પોપટભાઈ
૧ ખડોર. વખતચંદ નાનજી
૧ લોહરીઆ. છગનલાલ રાજપાળ
૧ ,, કાળીદાસ ભવાનજી
૧ શા. ગંગારામ માવજી
૧ સંઘવી. હરજીવન ડાહ્યા
૧ વો. પ્રાણજીવન માણેકચંદ

બારેજા.

૫ શા. નાગરદાસ ફુલચંદ

આદરીઆણા.

૮ શેઠ. વાડીલાલ અમૃતલાલ
૫ શા. મોહનલાલ ડાહ્યાભાઇ
૨ મસાલીસા. જગશી પુંજમલ
૧ દોસી. દીપચંદ ધરમશી
૧ સંઘવી. દલસુખ જીવરાજ
૧ ઝવેરી. હીરાચંદ કસ્તુર સમીવાળા
૧ શા. સંકર માલજી
૧ સંઘવી. ઇચ્છાચંદ ધનજી
૧ શાહ. કીશોર પીતામ્બરશાહ
૧ શા. વનરાજ જીવરાજ
૧ કોરડીઆ. કીશોર પરશોતમ
૧ સોની. ડાહ્યા ઘેલા

ઝાડીઆણા.

૧૦ શા. વધમાનભાઈ છગનલાલની માર્ફત
૪ શા. વધમાન છગનલાલ
૧ શા. ઉજમશી વછરાજ
૧ શા. જેઠાલાલ ભુદરશી
૧ શા. અંબારામ સાંકળચંદ
૧ ચતુર દેવચંદ
૧ પરસોતમ લવજી
૧ નરપત ત્રીભોવનદાસ

ગાંગડ.

૧૬ શેઠ. ભીખાભાઈ છગનલાલની માર્ફત
૧૦ શેઠ. ભીખાભાઈ છગનલાલ
૫ શા. સકરચંદ ચુનીલાલ
૧ સલોત. વાડીલાલ રંગજી

દસાડા.

૧૩ વહોરા. રાયચંદ જુઠીદાસની માર્ફત
૧ વહોરા. રાયચંદ જુઠીદાસ
૧ શા. પોપટલાલ ડાહ્યાભાઈ
૧ શા. પ્રેમચંદ વિ. મગનલાલ
૧ શા. ગીરધરલાલ ત્રીકમભાઇ
૧ દોસી. નાનચંદ ગોવનજી
૧ શા. દીપચંદ વિ. અમૃતલાલ
૧ શા. ખુબચંદ ત્રિ. અમુલખ
૧ શા. ચતુર ઉજમશી
૧ ભાવસાર. નથુભાઇ ભાઇચંદ
૧ ,, લલુભાઇ નથુભાઇ
૧ શા. મગનલાલ ઉમેદભાઇ

૧ શા. છોટાલાલ મોહનલાલ
૧ શા. જગજીવન જુઠાભાઇ

મુબઇ બંદર.

૫ શાહ. અંદરજી જુઠાશાહ અંકેવાળીયા વાળા

પલાંસવા.

૪૮ રા. રા. પોમશીભાઈ જીવણુલાલભાઈ ચીફ કોન્સટેબલ સાહેબની માર્ફત
૮ રા. રા. પોમશીભાઈ જીવણુભાઈ
૪ કોઠારી ચાંપશી સાંકળચંદ
૪ કોઠારી સાંકળચંદ વીરજીભાઈ
૪ ,, કરમશી સવાગણુ
૪ મણિઆર તલકશી હીરજીભાઇ
૪ દોસી. રાજસી કસ્તુર
૪ ત્રેવાડીઆ. હંસરાજ કુંવરજી
૪ ચંદુરા. ડુંગરશી નાનચંદ
૪ દોસી. વાલજી સેજપાર
૩ સંઘવી. પોપટલાલ પાનાચંદ
૨ કોઠારી. જગશી કરતુર
૧ દોસી. મનજી ગલાલચંદ
૧ દોસી. ભુરાભાઈ પોમશી
૧ દોસી. મેરાજ તલકશી

વીઠલાપુર.

૧૫ શા. ત્રીકમ કરસનભાઈની માર્ફત
૨ શા. ત્રીકમ કરસનભાઈ
૨ શા. ટોકરશી માણેકચંદ
૨ શા. રવચંદ વણારસી
૨ શા. લાલચંદ ડામરશી
૨ શા. અમૃતલાલ મુળચંદ
૧ ગાંધી. મેઘા ઘેલા
૧ શા. ચુનીલાલ લાડકચંદ
૧ શા. છગનલાલ જીવરાજ
૧ સોની. મોહનલાલ જુઠાભાઈ
૧ શા. હઠીશંગ જીવરાજ

પાટડી.

૨૭ જૈન પાઠશાળાના માસ્તર સાહેબની માર્ફત
૨ રા. રા. કસ્તુરભાઈ ભવાન
૧ વહોરા. રૂગનાથ કેવળદાસ
૧ વહોરા. સકરચંદ ખીમચંદ
૧ શા. નાથાલાલ ટોકરશી
૧ શા. ગુલાબચંદ મગનલાલ
૧ શા. કરસન માનચંદ
૧ શા. પીતામર ગગલચંદ
૧ શા. મફતલાલ શોભાગ્યચંદ
૧ શા. છોટાલાલ કેશવજી
૧ શા. સકરચંદ કાળીદાસ
૧ શા. ખેતશી લાડકચંદ
૧ વહોરા. ફકીરચંદ જીવાભાઇ
૧ શા. માના કુંવરા
૧ શા. ઠાકરશી પરશોતમ
૧ શા. જુઠા કુંવરા
૧ શા. રતનશી તારાચંદ
૧ શા. માણેકચંદ મોતીચંદ
૧ શા. ગુલાબચંદ પ્રભુદાસ
૧ બેન ઘેલીબા મુમચંદ
૧ બેન વીજીબા જીવા

૧ બેન કેવળીબા કાળીદાસ
૧ બેન મોતીબા ત્રીકમ
૧ બેન ઝબકબા ખુશાલ
૧ બેન જ્ઞાનબાઈ
૧ બેન ઉજીબા પ્રભુદાસ
૧ બેન ધનીબા ઉમેદચંદ

ડેડાણા.

૫ શા. પરશોતમ બાવળની મા-ર્ફત
૩ શા. પરશોતમ બાવળ
૨ શા. લાલચંદ ટોકરશી

રામપુરા.

૪૪ શા. વાડીલાલ ડામરશીની મા-ર્ફત
૧૦ શા. મલુકચંદ દેવચંદ
૧૦ શા. પુંજાભાઇ બેચરદાસ
૫ શા. ખુશાલ ડોસા
૫ મહેતા. લાલચંદ ગુલાબચંદ
૪ શા. ગીરધરભાઈ માવજીભાઇ
૨ શા. ડામર શામજી
૨ શા પોપટ ચતુર
૨ શા. ડોસાભાઇ દીપચંદ
૧ શા. કરસન જેઠીદાસ
૧ શા. જીવણ કુંવરજી
૧ શા. બાલાભાઇ સાંકળચંદ
૧ શા. મગનલાલ કેશવજી
૨૬ મહેતા. લલુભાઇ ડામરશીની માર્ફત
૫ મહેતા. લલુભાઈ ડામરશી
૫ શા. પરશોતમ ખુશાલદાસ
૧ મહેતા. કાળીદાસ નથુભાઇ
૫ વહોરા. કસ્તુરદાસ હેમચંદ ઠ-સલાણા
૫ દોસી. હઠીશંગ તેજપાળ ,,
૫ શા. મણીલાલ માણેકચંદ ,,

પનાર.

૭૫ શા. મોહનલાલ રગનાથની માર્ફત
૧૫ શા. મોહનલાલ રગનાથ ઠે. શા. કેશવલાલ મોહનલાલ
૧૦ વહોરા. ફુલચંદ જેઠીદાસ
૫ શા. માતી હરીચંદ
૫ શા. રણછોડ નાનચંદ
૫ શા. ગફલભાઇ છગનલાલ
૫ શા. ડામરશી અમૃતલાલની માર્ફત
૨ શા. ડામરશી અમૃતલાલ
૧ શા. ફુલચંદ માનચંદ સાંતેજ
૧ ,, તરભોવન માનચંદ ,,
૧ ,, ગુલાબચંદ મોતીચંદ કીઓલ
૨ શા. કરસન માધવજી
૩ દેશાઈ. કુંવરજી વાળા
૧૦ શા. લલુભાઈ દલીચંદ કોઇતીઆ
૧૫ શા. સંકરદાસ ગોવનજીની માર્ફત
૫ શા. સંકરદાસ ગોવનજી ખાવડ
૫ શા. લાલચંદ કુબેરદાસ ખાવડ
૫ શેઠ. ઘેલાભાઇ જેચંદ કલોલ
૨૫ એમ. આર. દેશાઈ સુરત
૩ શા. સુરચંદ ટોકરશાની માર્ફત

૧ શા. સુરચંદ ટોકરશી રામપુરા
૧ શા. રણછોડ જેઠીદાસ નરોડા
૧ શા. ત્રંબકલાલ પ્રેમચંદ ગોધરા
૧૦ રા. રા. વાડીલાલ તલકશી શાહ
૧૦ ,, ચમનલાલ કલાણજી વીરમગામ
૫ વહોરા. ડાહ્યાભાઈ ખુશાલચંદ રામપુરા
૫ શા. ઉજમશી છબાભાઇ સીતાપુર

ઉંડાણા.

૨૫ શા. પરશોતમ બાવળની માર્ફત
૫ શા. કચરાદાસ ભગવાનદાસ
૧૦ શા. ભગવાન રૂગનાથ સેણેજનું પરૂં
૫ શા. કસ્તુરદાસ મલુકચંદ ,,
૫ શા. નાનચંદ મલુકચંદ ,,

સમી.

૬ મે. દોસી. ભુદરદાસ વછરાજ ન્યાયાધીશ સાહેબ
૨ રા. રા. છોટાલાલ ત્રીભોવનદાસ વકીલ સાહેબ
૧ રા. રા. નાથાલાલ લક્ષ્મીશંકર વકીલ સાહેબ
૧ રા. રા. મનસુખલાલ મગનચંદ
૧ રા. વારીઆ. વમળશી દલસુખ સમી મુંજપુર ન્યા. કોર્ટના કંન્ડીટેંટ
૧ કાંટીઆ. શીવલાલ કેશરીચંદ સમી ડીસ્પેન્સરી કંમ્પાઉન્ડર
૧ વહોરા. અમૃતલાલ શીવલાલ
૧ કંદોઈ. મંચ્છા ગોપાળ
૬ વહોરા. મનસુખ જેચંદ
૧ ઝવેરી મણીલાલ કુંવરજી
૧ શેઠ. હરીચંદ ડોસાચંદ
૧ શા પોપટ અમથા
૧ શા. મંગળલાલ પુરૂશોતમ
૨ માટલીઆ. કચરાભાઈ કસ્તુરભાઈ લોલાડા

જાહેર ખબર.

સર્વે સ્વધર્મી બંધુઓને જાહેર કરવા રજા લે છું કે-આ ચોપડી જેમને લેવી હોય તેમણે નીચે શીરનામેથી કર્ત્તા પાસેથી મંગાવી લેવી. વળી ચોપડી કોઇપણ સ્થળે શ્રી જૈન દેરાસરજીમાં રાખ માટે જોઇતી હશે અને તે લખશે તો વગર કીં મોકલવામાં આવશે.

આ ચોપડી રખડતી મુકી અશાતના નહિ પહોંચાડવા હરેકને વિનંતી છે.

આ બાબતમાં નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ એજ વિનંતી લીઃ કર્ત્તા.

મુ. ઝીંઝુવાડા. ખારાગોઢા સ્ટેશન થઇ.

મળવાનું ઠેકાણું.
મોહનલાલ ગુલાબચંદ વ્હોરા.
શ્રી શાન્તીજીન મધુર ગાયન સંગ્રહના કર્તા.

ગ્રાહકો પ્રત્યે માફીપત્ર.

અણધારેલા આવી પડેલ સંજોગોને અંગે આ ચોપડીના આગળથી થએલ ગ્રાહકોને મોકલવામાં જરા મોડું થયું છે તો આશા છે કે સુજ્ઞ ગ્રાહકો દરગુજર કરશે એજ વિનંતી. લી. કર્ત્તા.